# ખિચોખીચ મુસાફરો ભરેલી એસ.ટી.બસ પોલીસ સ્ટેશન લઈ જવી પડી...!

## કંડકટરને પણ ઉભા રહેવાની જગ્યા રખાઈ ન હતી : એક પણ મુસાફર બસમાંથી ઉતરવાનું નામ ન લેતા પોલીસે દરમ્યાનગીરી કરવી પડી

ગાંધીનગર, તા. ૨૮

હિંમતનગરથી ગાંધીનગર થઈને અમદાવાદ તરફ જઈ રહેલી ખીચોખીચ મુસાફરો ભરેલી એસ.ટી. બસમાં ચિલોડા સર્કલ બસ સ્ટેન્ડે ઉભેલા વિદ્યાર્થીઓ પણ ચઢી જતા સવા સો જેટલા મુસાફરોથી આખી બસ પેક થઈ ગઈ હતી. કંડકટર પણ બસમાં સમાઈ શકે નહિં તેવી સ્થિતિ વચ્ચે થોડાક મુસાફરોને ઉતરી જવા આજીજી કર્યા બાદ પણ કોઈ ન ઉતરતાં એસટી બસ પોલીસ સ્ટેશન લઈ જવાનો વારો આવ્યો હતો. અંતે પોલીસે દરમિયાનગીરી કરીને ૩૦ જેટલા મુસાફરો ખાલી કરાવતા પોલીસ સ્ટેશનથી બસ ઉપડી હતી.

હિંમતનગરથી અમદાવાદ રૂટની મર્યાદિત એસ.ટી. બસોની ફાળવણીને પગલે ગીકાલે મુસાફરોએ પોલીસ સ્ટેશનની સીડીઓ ચઢવાનો વારો આવ્યો હતો. હિંમતનગરથી ચિલોડા થઈને અમદાવાદ રૂટ પર મુસાફરો ભરેલી એસ.ટી. બસ જઈ રહી હતી. ચિલોડા સર્કલ પાસે ડ્રાઈવરે તે બસ ઉભી રાખતા અમદાવાદના કોલેજીયન યુવક-યુવતીઓ એક સાથે ઘુસી ગયા હતા. પરિસ્થિતિ ઉભી થઈ કે કંડકટર જ અંદર સમાઈ શકે તેમ નહતો. કંડકટરે થોડા મુસાફરોને ઉતરવા નિવેદન કર્યુ હતું. પરંતુ એક પણ મુસાફર ન ઉતરતા આખરે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. ચિલોડા પોલીસે સર્કલે આવીને મુસાફરોને ઉતારવાનો પ્રયત્ન કર્યો પરંતુ નિષ્ફળ જતાં આખે આખી ખીચોખીચ મુસાફરો ભરેલી બસ ચિલોડા પોલીસ સ્ટેશન લઈ જવાઈ હતી. પોલીસે દરમ્યાનગીરી કરીને ચિલોડા સર્કલથી બેઠેલા વિદ્યાર્થી મુસાફરો કે જેને હજુ સુધી ટીકીટ લીધી ન હતી. તેઓને ઉતારી મુકાયા હતા. આખરે કંડકટ્રને અંદર બસમાં જવાની અને બેસવાની જગ્યા થયા બાદ પોલીસ સ્ટેશનથી બસ ઉપાડવામાં આવી હતી. ગઈકાલે પ્રકાશમાં આવેલા આ કિસ્સાથી અંદાજ આવી શકે છે કે હિંમતનગર અમદાવાદ રૂટની બસની વધુ ટ્રીપ કરવાની જરૂરીયાત છે કે કેમ ? તંત્રને આ ટ્રીપો પધારવા સંખ્યાબંધ રજુઆતો પણ મુસાફરો દ્વારા કરવામાં આવી છે.

# અંબાપુર પાસે સિમેન્ટ મિક્ષરના ટાયર નીચે ચગદાઈ જતાં બાઈકચાલકનું મૃત્યુ

## કોબા પરણાવેલી દીકરીને પિતા મળવા જઈ રહ્યા હતા

ગાંધીનગર, તા. ૨૮

અમદાવાદ સઈજપુર બોઘા વિસ્તારમાં રહેતાં પિતા પોતાની કોબા ગામે પરણેલી દીકરીને મળવા આજે બપોરે બાઈક લઈને નિકળ્યા હતા ત્યારે અડાલજ-કોબા માર્ગ પર અંબાપુર ગામના પાટીયા પાસે બાઈક ત્યાંથી પસાર થઈ રહેલા સિમેન્ટ કોંક્રીટ મિક્ષરના ટાયર નીચે ઘુસી જતા પિતા ચગદાઈ ગયા હતા. તાત્કાલિક તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પરંતુ તે દરમ્યાનમાં તેમનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. અડાલત પોલીસે મીક્ષરચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેની તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના સઈજપુર બોઘા વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય રાજુજી જીવાજી ઠાકોર આજે બપોરના અરસામાં કોબા ગામે પરણાવેલી તેમની દીકરીને મળવા બાઈક લઈને જઈ રહ્યા હતા. અડાલજ-કોબા માર્ગ પરથી પસાર થઈ રહેલા સિમેન્ટ-કોંક્રીટ મિક્ષર ડમ્પરના પાછળના ડ્રાઈવર સાઈડના ટાયર નીચે તેમનું બાઈક ઘુસી જતા બાઈક સાથે રાજુજી પણ ચગદાઈ ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સને આસપાસથી પસાર થતા વાહન ચાલકોએ કોલ કરી બોલાવી લીધી હતી અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરતાં શોકની લાગણી પ્રવર્તી છે. અડાલજ પોલીસમથકના પીએસઆઈ સોલંકી બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને મિક્ષર ડમ્પરચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.



સેક્ટર-૫ એ ખાતે સ્થિત પંચમુખી મહાદેવ મંદિર ખાતે સ્થાપિત કરવામાં આવેલા ગણપતિનું શુક્રવારે વિસર્જન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# સરકીટ હઉસમાં પાણીનો બોર પમ્પીંગ સ્ટેશન બનાવવા દરખાસ્ત

## ‘ક’ અને ‘ખ’ કેટેગરીના મકાનોમાં પણ પાણીનો ફોર્સ વધશે

ગાંધીનગર, તા. ૨૮

સરકીટ હાઉસમાં પાણીનો નવીન બોર અને પમ્પીંગ સ્ટેશનું કામ હાથ ધરવા તંત્ર દ્વારા દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. ત્રણ દાયકા જતાં બોર બિનઉપયોગી થઈ ગયો હોવાનું ધ્યાને આવતા પાણીની સમસ્યાને અનુલક્ષી આ વિચારણા હાથ ધરવામાં આવી છે.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. દાયકામાં જુની વ્યવસ્થા મુજબ, હાલના વિકસિત અને વસતી ધરાવતા સેકટરોમાં ફોર્સથી પાણી આપવાનું કામ મુશ્કેલ બન્યું હોવાનો સૂર ઉઠવા પામ્યો હોવાથી ચરેડી ખાતે નવીન ટાંકી અને પમ્પીંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જયારે પાઈપલાઈન અપગ્રેડ કરવાની કામગીરી પણ હાલ ચાલુ છે. બીજી તરફ શહેરના સરકીટ હાઉસમાં પણ ત્રણ દાયકાથી વધુ સમયના અંતે પાણીનો બોર ફેઈલ થવાની તૈયારીઓ છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. નવીન બોર અને પમ્પીંગ સ્ટેશનનું કામ હાથ ધરવા વિભાગ સામે દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

આ કામગીરી પાછળ રૂ. ૧૫ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. બોર અને પમ્પીંગ સ્ટેશનનું કામ પૂર્ણ કરાયા બાદ ‘ખ’ અને ‘ક’ કેટેગરીના મકાનોને પણ વધુ ફોર્સથી પાણીનો સપ્લાય મળી રહેશે તેમ પણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

# પાક્ષિક ‘ચંદરવો’નું ૩૦મીએ વિમોચન

ગાંધીનગર, તા. ૨૮

યુવાનોના વિકાસ માટે અને તેમનામાં જાગૃતિ ફેલાવવાના ધ્યેય સાથે શરૂ થયેલા પાક્ષિક ‘ચંદરવો’ના પ્રથમ અંકનું વિમોચન તા. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૨ને રવિવારે સાંજે ૪ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે થશે.

ચંદરવો પાક્ષિકના પ્રથમ અંકનું વિમોચન જગતગુરુ આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિ મહારાજશ્રી, જામનગરના શુભ હસ્તે રાખવામાં આવ્યું છે. આ પ્રસંગે ઉદઘાટક તરીકે ઓરિએન્ટલ મેન્યુફેકચર્સ પ્રા.લિ.ના મેનેજીંગ ડિરેકટર વિશ્વેશ પટેલ, મુખ્ય મહેમાન તરીકે લાયન્સ કલબ ઈન્ટરનેશનલના ડિસ્ટ્રીકટ કેબિનેટ સેક્રેટરી ડૉ. યોગેશ દવે, નિવૃત્ત એડીશનલ કલેકટર કે.પી. વાઘેલા અને અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાંત જહા તથા ગુજરાત યુનિવર્સિટી જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. સોનલ પંડયા ખાસ ઉપસ્થિત રહેશે એમ ચંદરવોના તંત્રી નિમેષ વાઘેલાએ અક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## જનક્ષત્રિય (મોચી) સમાજનો જીવનસાથી પસંદગી મેળો ૨૦મી જાન્યુઆરીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતી દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય મોચી સમાજના સમુહ લગ્ન ટ્રસ્ટ દ્વારા સમસ્ત મોચી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મેળો ૨૦ જાન્યુઆરીના રોજ ટાઉન હોલ ગાંધીનગરમાં યોજાશે. કનુભાઈ સોલંકી મંત્રી પ્લોટ નં. ૯૭૮/૧, સેકટર-૨/સી, મો. ૯૪૨૭૩૦૩૧૨૩ સંપર્ક કરવા જણાવેલ છે.

## બાલા હનુમાનજી મંદિરે ૩૦મીએ સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૨૮

બાલા હનુમાનજી મંદિર સેકટર-૨, તા. ૩૦મી સપ્ટેમ્બરે ભાદરવી પુનમે રાત્રે ૮.૦૦ કલાકે કાન્તીભાઈ યોગના કંઠે સ્વ. ખીમદાસ કે. નિમાવતને શ્રદ્ધાંજલિ સ્વરૂપે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવેલ છે. બાલા હનુમાનજી મંદિર તરફથી જણાવેલ છે.

# બ્રહ્મભટ્ટ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા વર્ષ-૨૦૧૨ માર્ચમાં લેવાયેલ પરીક્ષામાં પાસ થયેલ તેજસ્વી તારલાઓ તેમજ સીધી ભરતીમાં પસંદગી પામેલા સમાજના ઉમેદવારોને સન્માનવાનો કાર્યક્રમ નવેમ્બરમાં યોજવાની સંભાવના છે. તેમ સમાજના પ્રમુખ દિલિપ બ્રહ્મભટ્ટે જણાવ્યું છે.

બ્રહ્મભટ્ટ સમાજના તેજસ્વી વિદ્યાર્થી ઉમેદવારોએ તા. ૧૦મી ઓક્ટોબર-૨૦૧૨ સુધીમાં અરજી કરવાની રહેશે. જે સભ્યોના સરનામામાં ફેરફાર થયેલા હોય તેઓએ મહામંત્રી વાસુદેવભાઈ અજબાણીને જાણ કરવી. જ્ઞાતિબાંધવો તથા ભગિનીઓએ આજીવન સભ્ય પદ મેળવવા માટે મહામંત્રી વી.એન. અજબાણી, ૪૬૮/૨, સેકટર-૩-સી, ગાંધીનગરનો સંપર્ક કરવો.

# માર્ગ સલામતીથી નગરને ભયમુકત બનાવવા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રેલી યોજાઈ

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ૧ હજારથી વધુ વિદ્યાર્થીઓએ સક્રીય ભાગ લઈ જાતે અવેરનેસ બેનર્સ બનાવ્યા

ગાંધીનગર, તા. ૨૮

માર્ગ સલામતિ દ્વારા ચાલો નગરને ભયમુકત બનાવીએ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા જિલ્લા પોલીસના સંયુકત ઉપક્રમે ટ્રાફીક અવેરનેસ રેલીનું આયોજન કરવામાં આવ્યું વાહન વ્યવહાર કમિશનર ગુપ્તા તથા ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતે કાર્યક્રમમાં જોડાયેલા શાળાના વિદ્યાર્થીઓને માર્ગ સલામતીનું જ્ઞાન પુરું પાડી શકે તેવી પુસ્તિકાઓ પણ વિતરણ કરવાની ખાત્રી આપી હતી. કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી પ્રમુખ અરુણ બુચે મહેમાનોને આવકારીને લાયસન્સ વિના વાહન ન ચલાવવા શીખ આપી હતી. તે ઉપરાંત વિદ્યાર્થીઓ સાથે રેન્જ આઈ.જી. શમશેરસિંઘએ ટ્રાફીક અવેરનેસ વિષય પર લાઈવ ટૉક કરી હતી. રેલીની શિસ્તબધ્ધ વ્યવસ્થા



હતું. ઘ-૫ થી ઘ-૭ સુધી કાઢવામાં આવેલી આ ટ્રાફીક અવેરનેસ રેલીમાં વિદ્યાર્થીઓએ જાતે તૈયાર રેલા પ્લેકાર્ડ તથા બેનર્સ સાથે કડી સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળની શાળાઓના એક હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગાંધીનગરમાં વધી ગયેલા માર્ગ અકસ્માતોના બનાવોને નિયંત્રણમાં લાવવા માટે ટ્રાફીક અવેરનેસ અત્યંત જરુરી બને છે. ડ્રાઈવીંગમાં બેદરકારી ન રાખીને ગંભીરતાથી વાહન ચલાવવા ઉપરાંત ટ્રાફીકના નિયમોનું પાલન યોગ્ય રીતે કરવામાં આવે તો માર્ગ અકસ્માતોના બનાવોમાં ચોકકસ ઘટાડો થઈ શકે તેમ છે. માર્ગ અકસ્માતો ઘટાડવાના હેતુથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા પોલીસે આજે ‘માર્ગ સલામતિ દ્વારા ચાલો નગરને ભયમુકત બનાવીએ’ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં જિલ્લા પોલિસ અધિક્ષક શરદ સિંઘલ તથા મંડળની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શેઠ સી.એમ., આર.જી. કન્યા, આર.સી. અને એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ શાળાના એક હજારથી વધુ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં સકીય ભાગ લઈ ઘ-૫ થી ઘ-૭ સુધીની બેનર્સ અને પ્લેકાર્ડ તથા સુત્રો સાથે ટ્રાફીક અવેરનેસ માટે રેલી નિકાળી હતી. વિદ્યાર્થીઓના રોડ શો બાદ વસાહત મહામંડળના શાળાના શિક્ષકોએ સંભાળી હતી અને સંચાલન ચેતના બુચે કર્યું હતું. તે ઉપરાંત મયુર વ્યાસ, નિલેન્દુ વોરા, ઉદય ત્રિવેદી, સુધીર દેસાઈ અને બી.એ. શુકલ તથા કિશોર જીકાદરાએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા વલ્લભભાઈ પટેલ (સરદાર) દ્વારા શુભેચ્છાઓ વ્યકત કરવામાં આવી હતી.

# માવા-મોજશોખ અને મોટર સાઈકલ પાછળ મસ્ત યુવાનો અફસર બનવાનુ ચુકે છે!

## શિક્ષણમાં સ્વ વિકાસના વિષયોનો અભાવ : માસ્ટર ટ્રેનર ચંપાવત

ગાંધીનગર, તા.૨૮

બાળકોનો સ્વવિકાસ થાય તેવા વિષયોનો પ્રાથમિક શિક્ષણમાં અભાવ વર્તાય છે. જયારે કારકિર્દી ઘડતર કરવાના મહત્વના દિવસોમાં યુવાનો માવા, મોજશોખ અને મોટર સાઈકલ પાછળ પાગલ બન્યા છે. શોખ પાછળ ઘેલા યુવાનો ગમે તેમ કમાઈ લેવાની વૃત્તિ રાખતા તેમની શૈક્ષણિક કારકિર્દીને લઈ લાંબા ગાળાની કોઈ યોજના અમલમાં મુકતા નથી તેમ નગરના માસ્ટર ટ્રેનરે જણાવ્યું હતું.

વિદ્યાર્થીઓને કરિયર ડેવલપમેન્ટ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ આપતા ડૉ. કલ્યાણસિંહ ચંપાવતે આજે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે આજના યુવાનોમાં કારકિર્દી ઘડતરને અનુલક્ષી લાંબા ગાળાના આયોજનનો અભાવ જોવા મળે છે. મોજશોખ પાછળ ઘેલા બનતા યુવાનો ટૂંકા પગારની નોકરી શોધી લે છે. પરંતુ ઉચ્ચ સરકારી અફસર બનવાની તૈયારીમાં જોડાવવાનું ટાળે છે.

વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૩ દરમિયાન રાજયમાંથી એક પણ યુવાન આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. અધિકારી બની શકયો ન હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ પણ પોતાના દિવસના શિડયુઅલમાં અંગ્રેજી, કોમ્પ્યુટર, જનરલ નોલેજ પ્રશ્નોત્તર માટે એક એક કલાક ફાળવવો જોઈએ. વધુમાં આજના પ્રાથમિક શિક્ષણમાં પણ સ્વવિકાસના વિષયોનો અભાવ હોવાનું જણાવી તેમણે પર્સનાલીટી ડેવલપમેન્ટ તરફ પણ ધ્યાન આપવા ઉમેર્યું હતું. તેમણે દિલ્હીમાં યુગાન્ડા હાઈ કમિશનરના હસ્તે યુનો-૨૦૦૭ ઈન્ટરનેશનલ બેસ્ટ મોટિવેશન ટ્રેનરનો એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો છે. જયારે વિવિધ ૧૦૦૧ જેટલા વિષય પર ૧ હજાર કલાક સુધી વકતવ્ય આપવાનો રેકોર્ડ પણ તેઓ ધરાવે છે. ૧૫૦થી વધુ મેડલ અને ૧ હજાર પ્રમાણપત્રો પ્રાપ્ત કરનારા આ માસ્ટર ટ્રેનરે આગામી સમયમાં જાહેર જીવનમાં રહી યુવાનોને ઉજજવળ દીશા ચિંધવાની ખેવના વ્યકત કરી છે.

## રાંધેજામાં ૧લીથી શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે શ્રી જાગેશ્વર મહાદેવની વાડી ખાતે યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે તા. ૧લી ઓક્ટોબરથી ૯મી ઓક્ટોબર-૨૦૧૨ દરમિયાન બપોરે ૨.૩૦ થી સાંજે ૫.૩૦ કલાક શિવ મહાપુરાણ કથા યોજાશે. શિવ મહાપુરાણ કથામાં માતાજી પ્રાગટ્ય, શિવ વિવાહ, બાર જ્યોતિર્લિંગ પ્રાગટ્ય મહિમા વગેરે પ્રસંગો ધામધૂમથી ઉજવવામાં આવશે. શ્રાદ્ધ યજ્ઞના દિવસોમાં શિવકથાનો લાભ લેવા નગરનાં સૌ ભક્તોને પધારવા ખાસ જણાવાયું છે.

## જન ચેતના મંચે દલિત હત્યા સંદર્ભે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૨૮

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે ૨૩મી સપ્ટેમ્બરે પોલીસે બેરહેમ ફાયરીંગ કરી દલિત યુવાનોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. દલિત યુવાન હત્યાની ઘટનાના સંદર્ભે જન ચેતના મંચે કલેક્ટરને આવેદન પત્ર પાઠવી દલિત હત્યા સ્થળ થાનગઢની મુલાકાત લીધી હતી તથા ફાયરીંગના આદેશ કરનાર સત્તાધિકારીઓ સામે ગુન્હો દાખલ કરી ફોજદારી કાર્યવાહી કરવા જણાવ્યુંહતું. દલિત હત્યાના સંદર્ભે જન ચેતના મંચ નવી દિલ્હીના હોદેદારો ભરતસિંહ ચૌધરી, વિઠ્ઠલભાઈ પરમાર, રોનક ચાવડા, મુકેશ મારૂ તેમજ મનુભાઈ પરમારે મૃતકોના પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના આપી હતી.

# આજે માણસાના મહાવીર કોમ્પ્લેક્ષમાંથી ગણેશજીની શોભાયાત્રા નિકળશે

ગાંધીનગર, તા.૨૮

માણસાના મહારાજા અને મહાવીર કોમ્પ્લેક્ષના બાદશાહ એવા ગણેશજીની ભવ્યતાની ભવ્ય શોભાયાત્રાનું આયોજન આજે માણસા ખાતે કરવામાં આવ્યું છે.

માણસા ખાતે મહાવીર કોમ્પ્લેક્ષમાં ગણપતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયા બાદ આજે તા. ૨૯મી સપ્ટેમ્બરે બપોરે ૧ કલાકે મહાવીર કોમ્પ્લેક્ષથી બે ઘોડાની બગીમાં ગણપતિ બાપાની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા ડી.જે. બેન્ડના તાલે અસંખ્ય ભાવિક ભકતો સાથે નિકળશે. આ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત માણસામાં આવેલ આનંદીમાંના વડલે સંસ્થાના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દીનેશભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ અંબોડ મીની પાવાગઢમાં ગણપતિની મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે. તો સર્વે ભાવિક ભકતોએ લાભ લેવા જણાવાયું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧
સૂર્યાસ્ત : ૬.૩૨

## તાપમાન

મહત્તમ : ૩૪.૮ ડિ.સે. લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૫૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્કીન-૨ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૦.૩૦, ૫.૩૦
કમાલ ધમાલ માલામાલ : ૧૨.૦૦, ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્કીન-૩ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૪૫
હિરોઈન : ૩.૪૫
ઓહ ! માય ગૉડ : ૯.૩૦
: સ્કીન-૪ :
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦
બર્ફી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦
હિરોઈન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૯.૦૦, ૬.૦૦, ૧૦.૩૦
રેસીડેન્ટ ઈવીલ ૫ઃ રેટ્રીબ્યુશન ૩ડી(હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૮.૩૦
: સ્કીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્કીન-૩ :
કમાલ ધમાલ માલામાલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦
: સ્કીન-૪ :
બર્ફી : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦
હિરોઈન : ૭.૧૫
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
કમાલ ધમાલ માલામાલઃ ૧૦.૩૦, ૧૦.૩૦
ઓહ ! માય ગૉડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦
: સ્કીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૪૫, ૧૦.૧૫
કમાલ ધમાલ માલામાલઃ ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫
: સ્કીન-૩ :
હિરોઈન : ૧૦.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
બર્ફી : ૧.૧૫, ૭.૦૦

### ચિરાગ, કલોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગુજરાત રાજય સરકારી સંઘ અમદાવાદ દ્વારા સંમેલન સવારે ૯.૦૦ કલાકે.

### ધાર્મિક

- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે એક હજાર આઠ ચુરમાના લાડુથી યજ્ઞમાં આહુતી સવારે ૮.૦૦ કલાકે.

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. જીતેન્દ્રકુમાર નટવરલાલ શ્રીમાળી (ઉ.વ. ૩૦) પ્લોટ નં. ૧૫૪/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.